સંદેશ

26th June 2011

વડોદરા



સાવલીના ધનતેજ ગામે શાળાનું મકાન અને અનાવરણ સમય અને કાર્યક્રમ સમયની તસવીર જણાય છે (તસવીર : રણજીત હરોસી)

# ધનતેજ ગામે ૫૦ લાખના ખર્ચે નવીન સ્કૂલનો લોકાર્પણ સમારોહ

- ધનતેજના પંચાલ પરિવારે વતનનું ઋણ ચૂકવ્યું

(પ્રતિનિધિ દ્વારા) સાવલી, તા. ૨૬

સાવલી તાલુકાના ધનતેજ ગામે ૫૦ લાખના ખર્ચે બનેલ સ્વ. ગં. સ્વરૂપ ડાહીબેન દલસુખભાઈ પંચાલના સ્મરણાર્થે, ૧૦ સ્કૂલના ઓરડાનું ઉદ્ઘાટન મકાન અને માર્ગ વિભાગના મંત્રી જયદ્રથસિંહના હસ્તે કરતા મોટી સંખ્યામાં આગેવાનો અને તાલુકાજનો ઉમટી પડયા હતા.

સાવલીના પાન્ડુ વિભાગમાં ધનતેજ ગામના રહેવાસી જયંતિભાઈ દલસુખભાઈ પંચાલે પોતાના માદરે વતનનું ઋણ ચુકવવાના શુભ આશયથી ૫૦ લાખના ખર્ચે નારાયણ નેત્ર ટ્રસ્ટ ભરૂચ દ્વારા નવીન શાળા બનાવવાનું નક્કી કરતા પોતે બાળપણ ધનતેજ ગામે ૧ થી ૭ ધોરણ ઓટલા પર બેસીને અભ્યાસ કરેલો ત્યારબાદ દસમુ ધોરણ સાંઢાસાલમાં કર્યું અને ત્યારબાદ ૧૯૭૦માં એમ. એસ. યુનિવર્સિટીમાં સિવિલ એન્જિનીયરીંગમાં ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરેલો અને ભરૂચ ખાતે સ્થાયી થઈને ધંધો વિકસાવેલો.

બાળપણમાં સ્કૂલ ન હોવાથી બહાર બેસીને દુખ વેઠીને ભણેલા જયંતિભાઈ પંચાલને સમાજ સેવાની લગન લાગતા નારાયણ રિયોલીટી લીમીટેડ કંપનીના બેનર હેઠળ કન્સ્ટ્રક્શનના વ્યવસાય સાથે સંકળાયેલા પંચાલે નારાયણ નેત્ર ટ્રસ્ટની સ્થાપના કરી ભરૂચ ખાતે બે ચેરીટેબલ સ્કૂલો ચલાવી ૪૫૦૦ બાળકોને શિક્ષણ આપી રહ્યા છે અને એક હોસ્પિટલ પણ ચલાવી રહ્યા છે. ૨૦ બેડની અને ૨૦૦ બેડની બનાવવની તમન્ના રાખે છે ત્યારે પોતાની સેવામાં અને ગામ માટે કંઈક કરી છૂટવાની ભાવના થકી સ્કૂલ બનાવવાનું નક્કી કરી જમીન ન હોવાથી મંદિરના ટ્રસ્ટ પાસેથી ૩ લાખની જમીન ખરીદી ૫૦ લાખના ખર્ચે વિશાળ સ્કૂલ બનાવી. આજરોજ જિલ્લા પ્રાથમિક વિભાગને અર્પણ વિધિમાં જયદ્રથસિંહ પરમાર મંત્રી તેમજ જિલ્લા પંચાયત પ્રમુખ સુધાબેન પરમાર, સાવલી તાલુકા ભાજપ પ્રમુખ રણજીતસિંહ પરમાર, જિલ્લા મહામંત્રી કમલેશ પરમાર, ભરતભાઈ પરમાર, રાજ્ય સભાના સભ્ય જીગર ઈનામદાર અને તાજપુરાના નારાયણ બાપુના ભાઈ મહારાજ ખાસ વિશેષ આશીર્વાદ માટે ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે વિશાળ માત્રામાં તાલુકાજનો હાજર રહ્યા હતા અને ધનતેજ ગામના નાગરિકો પોતાની જન્મભૂમિના પનોતા પુત્રના જન્મભૂમિ પ્રત્યેની વાહ વાહ કરતા જણાતા હતા. બાળકોને સુવિધાસભર ઉચ્ચ શિક્ષણ અર્થે બનાવેલ સ્કૂલના ઓરડા જિલ્લા શિક્ષણ સમિતિ ચેરમેન અજેન્દ્રસિંહ ઠાકોર અને જિલ્લા શિક્ષણ સમિતિના ડીપીઓ જોષી ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ

26th June 2011

## જન્મભૂમિનું ઋણ અદા કરવા

# ધનતેજમાં પંચાલ પરિવારે ૫૦ લાખના ખર્ચે બનાવેલ શાળાનો લોકાર્પણ સમારોહ યોજાયો

(પ્રતિનિધિ) સાવલી, તા. ૨૬

મૂળ સાવલી તાલુકાના ધનતેજના વતની જયંતિભાઈ તથા ચીમનભાઈ પંચાલ પરિવારે જનની, જન્મભૂમિ અને ગુરૂશક્તિની વંદનાનો અનોખો દાખલો બેસાડયો છે. તાજપુરાના નારાયણબાપુના આ ભક્ત પરિવારે ગામની જુની અને જર્જરીત પ્રાથમિક શાળાની ઈમારતના વિકલ્પે રૂા. પચ્ચાસ લાખના ખર્ચે ૧૦ ઓરડાની શ્રી નારાયણ પ્રાથમિક શાળા આરોગ્ય અને શિક્ષણના ક્ષેત્રમાં કાર્યરત શ્રી નારાયણ નેત્ર ટ્રસ્ટ ભરૂચના માધ્યમથી બનાવી આપી છે.

માર્ગ અને મકાન રાજ્ય મંત્રી જયદ્રથસિંહ પરમારે, ધનતેજ ગામે યોજાયેલ કાર્યક્રમમાં સાંસદ બાળકૃષ્ણ શુકલ, ભરતસિંહજી પરમાર, પૂજ્ય નારાયણ બાપુના લઘુબંધુ શિવરામબાપુ જિલ્લા પંચાયત અધ્યક્ષ સુધાબેન પરમાર, મહાનુભાવો અને દાતા પરિવારની ઉપસ્થિતિમાં માતૃસ્વરૂપ ડાહીબેન દલસુખભાઈ પંચાલની સ્મૃતિમાં બનાવાયેલા આ શાળા ભવનનું જિલ્લા પ્રાથમિક શિક્ષણ સમિતિને લોકાર્પણ કર્યું હતું. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકરી જીતેન્દ્ર જોશીએ શિક્ષણના કાર્યમાં પંચાલ પરિવારની સહભાગીદારીને બિરદાવતા તેનો સ્વીકાર કર્યો હતો. સાંસદ શ્રી બાળકૃષ્ણ શુકલે આ નવા ભવનમાં મોડેલ પ્રજ્ઞાશાળાની સ્થાપના કરવાની પ્રાથમિક શિક્ષણ વિભાગને ભલામણ કરી હતી.

**બાળપણમાં ખુલ્લામાં બેસી ભણેલા જયંતિભાઈએ ગામના બાળકોને અગવડ ન પડે તે શાળાના ઓરડાનું નિર્માણ કરી સમાજમાં રચનાત્મક સેવાભાવનાનો દાખલો બેસાડયો**

ગુજરાતનું પ્રત્યેક બાળક ભણે એ મુખ્ય મંત્રીનો સંકલ્પ છે જેને સાકાર કરવા સવા લાખ શિક્ષકોની ભરતી, ખૂટતા તમામ ઓરડાનું નિમાજણ સહિત અનેકવિધ પગલાં લીધાં છે. તેવી માહિતી આપતા માર્ગ અને મકાન રાજય મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે શિક્ષણ અને આરોગ્ય એ સમાજ ઘડતરના પાયાના કામો છે. દાતા પંચાલ પરિવારે સરકારના આ કામમાં સમાજ શકિતને જોડવાનો ઉજજવળ દાખલો બેસાડયો છે. સાંસદ ભરતસિંહે જણાવ્યું હતું કે સમાજની સહભાગીદારીથી જ સિક્ષણની ગુણવત્તા અને સગવડો પરિપૂર્ણ બનશે. તેમણે પેઢીના ઘડતર માટે સંસ્કાર સમન્વિત બનશે. તેમન્ને પેઢીના ઘડતર માટે સંસ્કાર સમન્વિત શિક્ષણ આપવાની ભલામણ કરી હતી. વતનના ગામની શૈક્ષણિક તકલીફો નિવારવાની દાતા પંચાલ પરિવારની ભાવનાને બિરદાવતા સાંસદ બાળ કૃષ્ણ શુકલે જણાવ્યું હતું કે નારાયણ બાપુ જેવા સંતોની કૃપાથી ગુજરાતમાં સુખસાંતિ છે. સાવલી તાલુકાના વિકાસ આયોજનની જાણકારી આપતાં માર્ગ અને મકાન રાજય મંત્રીએ જમાવ્યું હતું કે સાવલી તાલુકાને છેલ્લા બે વષજથી આયોજન મંડળનું સવાથી દોઢ કરોડ રૂપિયાનું અનુદાન મળતું થયું છે. રૂા. ૪.૫૦ ના ખર્ચે સાવલી અને કાલોલ તાલુકાને જોડતા પૂલ બાંધવામાં આવશે. હરસિધ્ધિ માતાનું મંદિરનો રસ્તો પણ બાંધવામાં આવસે. પ્રારંભમાં રણછોડભાઈ શાહે નારાયણ નેત્ર ટ્રસ્ટની આરોગ્ય અને શિક્ષણની પ્રવૃતિઓની માહિતી આપવાની સાથે સહુને આવકાર્યા હતા.

લોકસત્તા 26-6-2011

# સાવલી તાલુકાના ધનતેજ ગામે પૂર્વ વિદ્યાર્થીએ ૧૦ રૂમની શાળા બનાવી

**સાવલી, તા. ૨૬**
સાવલી તાલુકાના ધનતેજ ગામની શાળામાં ખુલ્લામાં બેસીને ભણેલા જયંતીભાઈ દલસુખભાઈ પંચાલે આજે ધનતેજ ગામે ૧૦ ઓરડાની શાળા બનાવી જિલ્લા પ્રાથમિક શિક્ષણ વિભાગને અર્પણ કરી છે.

## પૂર્વ વિદ્યાર્થીએ ખુલ્લામાં બેસીને અભ્યાસ કર્યો હતો

સાવલી તાલુકાના ધનતેજ ગામે ધો. ૧-૭ સુધી શાળા હોય પરંતુ શાળાને છત ન હોઈ ખુલ્લામાં અભ્યાસ કરી વધુ અભ્યાસ વડોદરા સયાજીરાવ યુનિ.માં કરી એન્જિનિયરિંગમાં ગોલ્ડમેડલ પ્રાપ્ત કરી કન્સ્ટ્રક્શન વ્યવસાયમાં સફળ થઈને ભરૂચમાં નારાયણનેત્ર ટ્રસ્ટની સ્થાપના કરી ૪૫૦૦ બાળકો અભ્યાસ કરી શકે તેવી બે ચેરીટેબલ શાળા અને ૨૦ બેડની હોસ્પિટલ ઉભી કરી સામાજીક સેવા સાથે સંકળાયેલા જયંતીભાઈ દલસુખભાઈ પંચાલને પોતાના વતનમાં અભ્યાસ કરતા ત્યારની શાળાની પરિસ્થિતિ જેમ તેમ દુ:ખ સહન કરી આગળ તો આવેલ પણ ગામડામાં આજે પણ સંપૂર્ણ સુવિધા ન ધરાવતી ધનતેજ ગામની શાળાને નવીન ઓરડા બનાવી અર્પણ કરવાની ભાવનાથી જયંતીભાઈ પંચાલે ધનતેજ ગામમાં ઓરડા બનાવવા માટે જમીનની શોધખોળ હાથ ધરી પરંતુ ગામમાં જગ્યા ન મળતા એક મંદિરના ટ્રસ્ટની જગ્યા મળી આવેલ જે જમીનને રૂ. ૩ લાખમાં ખરીદીને તેના પર ૫૦ લાખના ખર્ચે દસ સુવિધાથી સજ્જ ઓરડા બનાવી શાળા સંકુલ ઉભું કરી દીધું આજરોજ મોટી સંખ્યામાં ગ્રામજનો તાલુકાવાસીઓ માર્ગ અને મકાન વિભાગના મંત્રી સાંસદ વડોદરા જિલ્લા પંચાયતના પ્રમુખ, તાલુકા પંચાયતના પ્રમુખ તેમજ રાજકીય આગેવાનોની હાજરીમાં જિલ્લા પ્રાથમિક વિભાગને અર્પણ કર્યું હતું.

**અર્પણ...**



ધનતેજ ગામની શાળામાં ખુલ્લામાં બેસીને ભણેલા જયંતીભાઈ દલસુખભાઈ પંચાલે આજે ધનતેજ ગામે ૧૦ ઓરડાની શાળા બનાવી જિલ્લા પ્રાથમિક શિક્ષણ વિભાગને અર્પણ કરી છે. (તસવીર : વિમલ પટેલ)